**બસરાઈ:** આ જાત લોટણ, કાબુલી, ભુસાવળ તથા જહાજી જેવા નામથી પણ ઓળખાય છે. ગુજરાત, મહારાષ્ટ્ર, પ. બંગાળમાં વ્યવસાયિક ધોરણે વવાતી હતી. જેનું સ્થાન હાલમાં ગ્રાન્ડ નૈન જાતે લીધું છે. બસરાઈ જાતની ઉંચાઈ૧.૫ થી ૨.૦ મી. હોય છે. ફળો મોટા વળેલા અને છાલનો રંગ લીલાશ પડતો પીળા હોય છે. લુમનું સરેરાશ વજન ૨૦ કિ. ગ્રા. હોય છે. લુમને તૈયાર થતાં ૧૩ થી ૧૪ માસનો સમય લાગે છે. આ જાત સુકારાના રોગ સામે પ્રતિકારક છે.

**ગણદેવી સીલેકશન:**





આ જાત દક્ષિણ ગુજરાત ના નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ના ફળ સંશોધન કેન્દ્ર, ગણદેવી ખાતેથી બહાર પાડવામાં આવેલ છે. આ જાતના છોડની ઉંચાઈ મધ્યમ ૨.૦ મીટર તથા થડની જાડાઈ ૮૦.૦ સેમી. હોય છે. આ જાત માં લુમનું સરેરાશ વજન ૨૫ થી ૨૮ કિ. ગ્રા. હોય છે. લુમને તૈયાર થતાં ૧૬ થી ૧૭ માસનો સમય લાગે છે.

**હવામાન :**

કેળનો પાક ગરમ અને ભેજવાળા હવામાનમાં સારો થાય છે. પાકના ઉત્તમ વિકાસ માટે ૨૭° સે.ગ્રે. ઉષ્ણતામાન માફક આવે છે. વાર્ષિક ૨૦૦૦ થી ૨૫૦૦ મી.લી. વરસાદવાળા વિસ્તારમાં પિયતની સગવડ હોય તો આ પાક સારો થાય છે.

**જમીન :**

કેળને માટે સારા નિતારવાળી, ફળદ્રુપ, ગોરાડુ અને મધ્યમ કાળી જમીન ખાસ અનૂકુળ આવે છે. કાળી ચીકણી તથા રેતાળ જમીનમાં કેળનો પાક સારો થતો નથી.

**રોપણી નો સમય :**

કેળની રોપણી માટે ૧૫ મી જુનથી ૧૫ મી ઓગસ્ટ સુધીનો સમય ઉત્તમ છે. તેમ છતાં હવે ટીસ્યુકલ્ચર છોડ ઉપલબ્ધ થતાં બજારભાવ મુજબ રોપણીનો સમય રાખી શકાય.

**રોપણીનું અંતર :**

કેળની રોપણી ૧.૮ × ૧.૮ મીટર અંતરે (૩૦૮૬ છોડ/હે) કરવાની ભલામણ છે. રોપણીના અંતરે ૩૦ × ૩૦ × ૩૦ સે. મી ના ખાડા કરવા. ખાડા ૧૫ દિવસ તપવા દેવા. ખાડા દીઠ ૧૦ કિલો સારૂં કોહવાયેલું છાણિયું ખાતર માટીમાં મિશ્ર કરી ખાડા ભરી દેવા. ત્યારબાદ જૂન માસમાં ગાંઠ અથવા ટીસ્યુકલ્ચર છોડની રોપણી કરવી. બસરાઈ જાતનું ૧.૦ × ૧.૨ × ૨.૦ મીટરે જોડીયા હાર પધ્ધતિથી ત્રિકોણાકારે રોપણી કરવાથી હેકટરે ૬૨૫૦ છોડની સંખ્યા મળતાં સરેરાશ ૮૭ ટન/હે. કેળાનું ઉત્પાદન મળેલ છે. બસરાઈ કરતાં ગ્રાન્ડ નૈન જાતની ઉંચાઈ વધુ હોવાથી તેની રોપણી ૧.૨ × ૧.૫ × ૨.૪ મીટરે જોડિયા હાર પધ્ધતિથી કરી શકાય અને તેમ કરતાં હેકટરે ૪૬૦૦ છોડનો સમાવેશ થાય છે.

**રોપણી માટે પીલાની પસંદગી :**

કેળની રોગમુકત વાડીમાંથી તંદુરસ્ત પીલા ૫ થી ૮ મહિનાનાં હોય તેવા પસંદ કરવા. કેળની રોપણી માટે અણીદાર પાનવાળા જુસ્સાદાર ૫૦૦ થી ૧૫૦૦ ગ્રામ વજનના તાજા તલવાર પીલા પસંદ કરવા. ટીસ્યુકલ્ચર છોડ રોપવા હોય તો સારા તંદુરસ્ત હાર્ડનીંગ થયેલા ૨૦ થી ૨૫ સે. મી. ઉંચાઈના, ૪ થી ૬ પાનવાળા હોય અને રોગમુકત છોડ રોપવા. મેક્રોપ્રોપોગેશન પધ્ધતિથી તંદુરસ્ત કેળના ગાંઠમાંથી ટીસ્યુ કલ્ચર જેવાજ કેળના છોડ ખેડૂત અને નર્સરીધારકો પોતાના ખેતર કે નર્સરીમાં તૈયાર કરી શકે છે. આ પધ્ધતિથી રોપણી સામગ્રી પાછળ થતો ખર્ચ ઘટાડી શકાય છે. આ પધ્ધતિમાં પ્રતિ ગાંઠ વામ અને ટ્રાયકોડર્મા વિરીડી બંને ૩૦ ગ્રામ મુજબ આપવાથી પાંચથી છ માસમાં એક ગાંઠમાંથી વધુમાં ૨૦ (વીસ) જેટલા રોપવા લાયક છોડ મળી શકે છે.

**રોપ તૈયાર કરવાની મેક્રો પ્રોપાગેશન પધ્ધતિ :**

- સારી ગુણવત્તાવાળી ૫૦૦ થી ૧૦૦૦ ગ્રામ વજનની ગાંઠો પસંદ કરવી.
- ગાંઠનો ઉપરનો ભાગ થડની શરૂઆત થાય ત્યાંથી કાપી નાંખવો.
- ગાંઠની વચ્ચેથી ૪ સે. મી. ઉંડાઈ અને ૨ સે. મી. પહોળાઈ જેટલો ભાગ કોતરીને મુખ્ય આંખ દુર કરવી.
- ગાંઠના ઉપરના ભાગે છ કે આઠ ભાગ થાય તે પ્રમાણે આડા કાપા મુકવા.
- આ રીતે તૈયાર થયેલ ગાંઠોને નેટ હાઉસમાં ૧×૧ ફુટના અંતરે ગોઠવી લાકડાના વ્હેરથી ઢાંકી દેવી.
- ગાંઠ દીઠ વામ અને ટ્રાયકોડર્મા વિરીડી બંને ૩૦ ગ્રામ મુજબ ગાંઠની ફરતે આપવું.
- ગાંઠમાંથી નીકળતી પ્રાથમિક અને દ્વિતિય કળીઓને કોતરીને દુર કરવી.
- ત્યારબાદ નીકળતી તૃતીય કળીઓનો વિકાસ થવા દેવો અને જયારે ચાર થી પાંચ પાન ધારણ કરે ત્યારે છોડને છૂટા પાડી માટી, રેતી અને છાણિયા ખાતરના સમ પ્રમાણમાં તૈયાર કરેલ ઉછેર માધ્યમને પ્લાસ્ટીક બેગમાં ભરી તેમાં રોપવા.
- તૈયાર થયેલ રોપાને સખ્તાઈ માટે નેટહાઉસમાં રાખવા.
- સમગ્ર પધ્ધતિ દરમ્યાન જરૂરિયાત મુજબ ઝારાથી નિયમિત પિયત આપવું.

**ખાતર :**

**ખામણા પધ્ધતિ ધ્વારા :** છોડ દીઠ ૨૦૦ ગ્રામ નાઈટ્રોજન , ૯૦ ગ્રામ ફોસ્ફરસ અને ૨૦૦ ગ્રામ પોટાશ બસરાઈ, હરિછાલ, રોબુસ્ટા જાતમાં આપવા ભલામણ છે. કેળની ગ્રાન્ડ નૈન જાત માટે ૩૦૦ ગ્રામ નાઈટ્રોજન, ૯૦ ગ્રામ ફોસ્ફરસ અને ૨૦૦ ગ્રામ પોટાશ નીચેની ટેબલ મુજબ આપવા.

| આપવાનો સમય | પોષક તત્વો નો જથ્થો (ગ્રામ) | | | ખાતરનો જથ્થો (ગ્રામ/છોડ) | | |
|---|---|---|---|---|---|---|
| | નાઈટ્રોજન | ફોસ્ફરસ | પોટાશ | યુરીયા | એસ. એસ. પી. | મ્યુરેટ ઓફ પોટાશ |
| રોપણીના એક માસ પછી | – | ૯૦ | – | – | ૫૬૦ | – |
| રોપણીના ત્રણ માસ પછી | ૧૦૦ | – | ૬૭ | ૨૧૭ | – | ૧૧૦ |
| રોપણીના ચાર માસ પછી | ૧૦૦ | – | ૬૭ | ૨૧૭ | – | ૧૧૦ |
| રોપણીના પાંચ માસ પછી | ૧૦૦ | – | ૬૭ | ૨૧૭ | – | ૧૧૦ |
| | **૩૦૦** | **૯૦** | **૨૦૦** | **૬૫૦** | **૫૬૦** | **૩૩૦** |

**કેળમાં અવસ્થાના આધારે ખાતર પ્રબંધન :** આ પધ્ધતિથી કેળમાં ખાતર આપવાથી કેળના પાકમાં કુલ ભલામણના ૮૦ ટકા ખાતરની જ જરૂર પડે છે અને ખાતરનું કાર્યક્ષમ ઉપયોગ થાય છે.

| ખાતર આપવાનો સમય અને અવસ્થા | તત્વોનું જથ્થો (ગ્રામ/છોડ) | | | ખાતરનું જથ્થો (ગ્રામ/છોડ) | | |
|---|---|---|---|---|---|---|
| | નાઈટ્રોજન | ફોસ્ફોરસ | પોટાશ | યુરીયા | એસ.એસ.પી. | મ્યુરેટ ઓફ પોટાશ |
| રોપણી એક મહિના પછી | ૦૦ | ૯૦ | ૦૦ | ૦૦ | ૫૬૦ | ૦૦ |
| રોપણીના ત્રણ મહિના પછી (વાનસ્પતિક વિકાસની અવસ્થા) | ૯૬ | ૦૦ | ૪૦ | ૨૧૦ | ૦૦ | ૭૦ |
| રોપણીના પાંચ મહિના પછી (પુષ્પ બંધવાની અવસ્થા) | ૭૨ | ૦૦ | ૫૬ | ૧૬૦ | ૦૦ | ૯૦ |
| રોપણીના સાતમાં મહિના પછી (ફુલ નિકલવાની અવસ્થા) | ૭૨ | ૦૦ | ૪૦ | ૧૬૦ | ૦૦ | ૭૦ |
| રોપણીના નવમાં મહિના પછી (લુમના વિકાસની અવસ્થા) | ૦૦ | ૦૦ | ૨૪ | ૦૦ | ૦૦ | ૪૦ |
| **કુળ જથ્થો** | **૨૪૦** | **૯૦** | **૧૬૦** | **૫૩૦** | **૫૬૦** | **૨૭૦** |

કેળની ખેતીમાં જમીનની તથા પાકની તંદુરસ્તી જાળવવા તથા રાસાયણિક ખાતરની ભલામણના ૫૦% નાઈટ્રોજન અને ફોસ્ફરસની બચત માટે સ્થાનિય એઝેટોબેકટર (NAUAZN-૧) સીએફયુ–૧૦$^{૯}$/મિલિ) ૧૦ મિલિ/છોડ અને પી.એસ.બી. (NAUPSB–૧ સીએફયુ–૧૦$^{૯}$/મિલિ (૧૦ મિલિ/છોડ) સાથે ૫૦૦ ગ્રામ છાણિયું ખાતર/છોડ બે હપ્તામાં છાણિયા ખાતર સાથે મિક્ષ કરી વાવેતર સમયે તેમજ ત્રીજા મહિને જમીનમાં આપવું.

સેન્દ્રીય ખેતીની બીજી એક ભલામણ મુજબ રોપણી સમયે છોડ દિઠ ૩ કિ.ગ્રા. બાયોકંપોસ્ટ + ૪ કિ.ગ્રા. વર્મિકમ્પોસ્ટ + ૧ કિ.ગ્રા. દિવેલી ખોળ + ૧૦ મી.લી. દરેક એઝેટોબેકટર,પી.એસ.બી. અને કે.એમ.બી. અને ૧.૫ કિ.ગ્રા. બાયોકંપોસ્ટ + ૨ કિ.ગ્રા. વર્મિકંમ્પોસ્ટ + ૫૦૦ ગ્રામ દિવેલી ખોળ રોપણીના ૨ અને ૪ માસ બાદ આપવા. ઉપરાંત છોડ દિઠ કેળના થડનો રસ ૮ લી./ છોડ મુજબ રોપણીના એક માસ બાદ દર મહિને ૮ સરખા હપ્તામાં આપવું. લૂમો નીકળી ગયા બાદ ૨ ટકા યુરીયા (૧૦ લીટર પાણીમાં ૨૦૦ ગ્રામ યુરીયા) નો છંટકાવ કરવાથી ફળના કદ અને વજનમાં વધારો થાય છે.

**પિયત :**

કેળપાકમાં એટલે વર્ષ દરમ્યાન કુલ ૩૦૦ મિ.મી. જેટલો પાણી જોઈયે. પાકના વિકાસ દરમ્યાન કેળાના પાકને પાણીની જરૂરિઆત કોઠા મુજબ હોય છે.

| ક્ર.સ. | પાકના વિકાસની અવસ્થા | સમય (અઠવાડિયા) | પાણીની જરૂરિઆત (લીટર/છોડ) |
|---|---|---|---|
| ૧. | કેળાની રોપણી પછી/લામ પાકમાં | ૧ થી ૪ | છુટટો પાણી |
| ૨. | નાની અવસ્થા | ૫ થી ૯ | ૮ થી ૧૦ |
| ૩. | ખાસ વિકાસની અવસ્થા | ૧૦ થી ૧૯ | ૧૨ થી ૧૪ |
| ૪. | ફુલ બનવાની અવસ્થા | ૨૦ થી ૩૨ | ૧૬ થી ૨૦ |
| ૫. | ફુલ આવવાની અવસ્થા | ૩૦ થી ૩૭ | ૨૦ થી વધારે |
| ૬. | લુમના વિકાસની અવસ્થા | ૩૮ થી ૫૦ | ૨૦ થી વધારે |

**ટપક પધ્ધતિ ધ્વારા પિયત :**

શિયાળામાં ૧૨ થી ૧૮ લીટર અને ઉનાળામાં ૨૦ થી ૨૨ લીટર પાણી છોડ દીઠ એકાંતરે દિવસે આપવું. જે માટે કલાક ૪.૦ લીટરની ક્ષમતાવાળા ૨ ડ્રીપર છોડના થડથી બંને બાજુ ૩૦ સે. મી. દુર ગોઠવી ટપક પધ્ધતિ શિયાળામાં ૯૦ થી ૧૩૫ મિનિટ અને ઉનાળામાં ૧૫૦ થી ૧૬૫ મિનિટ ચલાવવી. રાડના આવરણ સાથે ટપક સિંચાઈ પધ્ધતિથી પિયત આપી ૧.૫ × ૧.૫ મીટરના અંતરે કેળની રોપણી કરવામાં આવે તો પૃષ્ઠ પધ્ધતિ થી ૧.૮ × ૧.૮ મીટરના અંતરે રોપેલ કેળ કરતાં ૩૦ ટકા પાણીની બચત સાથે ૩૦ ટકા નાઈટ્રોજન બચાવી શકાય છે.

**કેળમાં આંતરપાક :**

સંશોધન આધારે કેળના પાક સાથે હળદર પાક વધારે અનુકુળ માલૂમ પડેલ છે. હળદરનો આંતરપાક તરીકે લેવો હોય તો કેળ અને હળદરની રોપણી મે માસમાં કરવી. આ ઉપરાંત કેળની રોપણી સપ્ટેમ્બર માસમાં કરી સાથે ટુકાગાળાના શાકભાજી પાકો જેવા કે ટામેટી, રીંગણ, કોબીજ અને ફ્લાવર પણ આંતરપાક તરીકે ઉગાડેલ જે પૈકી કોબીજનું ઉત્પાદન અને આવક વધુ મળેલ છે.

**રોપણી પછીની કાળજીઓ :**

**૧) આંતરખેડ અને માટી ચઢાવવી :**દર ત્રણ થી ચાર પિયત પછી ગોડ કરવું ખાસ જરૂરી છે. છોડના ફરતે૧.૫ ફુટ અને ૧૫–૨૦ સે. મી. ઉંચાઈ સુધી માટી ચઢાવવી.

**૨) નિંદામણ નિયંત્રણ :**કેળ રોપી પિયત આપી ત્રણ થી ચાર દિવસ બાદ ડાયુરોન ૧ કિ. ગ્રા. ૬૦૦ લીટર પાણીમાં ઓગાળી હેકટર





દીઠ છોડ બચાવી છંટકાવ કરવો. કેળ રોપ્યા પછી ૭૫ દિવસે ૬૦૦ લીટર પાણીમાં ગ્રામોક્ષોન ૩.૬ લીટર હેકટરે પ્રથમ છંટકાવ કરવો અને બીજો છંટકાવ પાળા ચઢાવ્યા પછી ૩૦ દિવસે કરવો.

**૩) પીલા દૂર કરવા :** મુખ્ય થડની બાજુમાંથી નીકળતા પીલા સતત દૂર કરવા ખાસ જરૂરી છે. જે દાતરડાથી કાપીને દુર કરી શકાય છે. કાપેલા પીલાને ફરીથી ઉગતા અટકાવવા માટે ૧ લીટર પાણીમાં ૬૦ ગ્રામ ૨,૪–ડી (ફર્નોકઝોનનો ૮૦ ટકા સોડિયમ સોલ્ટ) નું દ્રાવણ બનાવી તેના ફકત ૩ થી ૫ ટીપાં કાપેલા પીલાના મધ્યભાગ માં નાંખવાથી પીલા ફરીથી ઉગશે નહિં. ૨,૪–ડી ના વિકલ્પે કેરોસીનનો પણ ઉપયોગ કરી શકાય છે.

**૪) અન્ય માવજત :** કેળના ખેતરની ફરતે પવન અવરોધક વાડ કરવી ખાસ જરૂરી છે. જે માટે ઝડપી વૃધ્ધિ કરતી શેવરી અનુકૂળ છે. કેળના છોડ પરથી નીચેના ભાગના રોગીષ્ટ પાન અવારનવાર કાઢતા રહેવું અને તેને બાળી નાંખવા.કેળની લુમ પૂરેપૂરી નીકળી ગયા પછી નીચેનો લાલ રંગનો ડોડો કાપીને દૂર કરવો તથા કેળાની ટોચે રહેલો કાળો ભાગ દૂર કરવો જેથી ફળોના ફૂગજન્ય રોગો આવતા અટકાવી શકાય છે. લૂમને સૂર્યનો તડકો લાગતો હોય તો તેને કેળના બે પાન નમાવી ઢાંકેલી રાખવી. ચોમાસા દરમ્યાન કેળના બગીચામાં પાણી ન ભરાય રહે તે માટે નિતાર નીક બનાવવી. લુમ નિકળે તે દરમ્યાન કેળના થડને ટેકા આપવા.

**૫) કેળમા પાણીની અછત (ખેંચ) નિવારણ :** કેળના છોડમાં પુષ્પ બંધાવવાની શરૂવાત (રોપણીના ૫ મહિના પછી) ના સમયે એક મહિના સુધી પાણીની અછત (ખેંચ) ઉદભવવાની પરિસ્થિતીને નિવારવા માટે એસીટાઈલ સેલીસીલીક એસીડ (૧૮ મી.ગ્રામ/લિટર) નો છંટકાવ કરવાથી કેળના છોડને પાણીની અછત (ખેંચ) ની ઓછી અસર થવાથી સંતોષકારક વિકાસ, ઉત્પાદન અને વધુ ચોખ્ખો નફો મેળવી શકાય છે.

**૬) આવરણ :** જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખવા માટે પરાળ, સૂંકુ ઘાસ, સૂકા પાંદડા, શેરડીની રાડ (પતારી), ઘઉંનું ભૂસુ, સેન્દ્રિય ખાતર તથા ખેતીની વિવિધ આડ પેદાશો અને કાળુ પ્લાસ્ટીક(૫૦ માઈક્રોન) નો પણ ઉપયોગ કરવામાં આવે છે. આવરણ જમીનમાં ભેજ અને તાપમાન જાળવી રાખે છે જેથી પિયતનો સમય ગાળો લંબાવી શકાય છે. આવરણ પધ્ધતિથી ૪૦ ટકા જેટલી પાણીની બચત થાય છે, જમીનજન્ય રોગ ઓછા થાય અને ગુણવત્તા સભર ઉત્પાદન મળે છે.

**લુમનું સંરક્ષણ :**

કેળાની ઉચી ગુણવતા, વધુ ઉત્પાદન અને વધુ વળતર મેળવવા માટે કેળાની લૂમ સંપૂર્ણ ખુલ્યા બાદ તેના પર જીબ્રેલીક એસિડ ૧૦૦ મીલી ગ્રામ પ્રતિ લીટરના દ્રાવણનો છંટકાવ કરી ૧૬ થી૧૮ માઈક્રોનની ભુરી/ સફેદ પ્લાસ્ટીકની બાંય (બંને બાજુ ખુલ્લી) ચઢાવવાની ભલામણ કરવામાં આવેલ છે. આ બેગથી વરસાદ, ભારે પવન અને હીમથી ફળોનું નુકસાન થતુ અટકે છે અનેરોગ જીવાત સામે રક્ષણ મળે છે. પ્લાસ્ટિક બેગ લુમને એક સરખુ વાતાવરણ પુરૂ પાડે છે તેથી ફળો જલ્દી મોટા થાય છે. આ બેગની કિમત આશરે રૂ. ૬ થી ૮ જેટલી થાય છે.

**ન્યુટ્રીઅન્ટ પાઉચ :** પૂરેપૂરા ફળ બેસી ગયા પછી અને નર ફુલનો દોળો તોડી નાંખ્યા પછી લુમને નીચેથી પોષણ આપવા માટે ન્યુટ્રીઅન્ટ પાઉચ સાથે બાંધવામાં આવે છે જેથી લુમમાં રહેલ કેળાના ફળનાં વજનમાં વધારો થાય. આ માટે ૮ થી ૧૦ સે.મી. જેટલો લુમનો નીચનો ભાગ ન્યુટ્રીઅન્ટ પાઉચમાં ડુબેલો રહે તે રીતે મજબુત દોરી સાથે બાંધવાનો હોય છે. ન્યુટ્રીઅન્ટ પાઉચ બનાવવા માટે તાજુ ગાયનું છાણ ૩૦૦ ગ્રામ, એમોનિયમ સલ્ફેટ ૨૦ ગ્રામ અને પોટેશિયમ સલ્ફેટ ૧૦ ગ્રામ પ્રતિ પાઉચ લેવો. યા ન્યુટ્રીઅન્ટપાઉચ બનાવવા માટે યા ત્રણ મુજબની વસ્તુઓ ૧૦૦ મી.લી. પાણીમાં મીક્ષ કરીને બનાવવી. આ સ્લરીને ૨૦૦ ગેઈજ વાળી પ્લાસ્ટીકની કોથળી જેની સાઈઝ ૧૫ સેમી × ૨૫ સેમી હોય તેમાં ભરવી અને લુમ પર બાંધવી.

**રોગ અને તેનું નિરાકરણ :**

**૧) અપરિપકવ કેળાનું પાકી જવું :** આ રોગથી કેળના પાન પીળા પડી જાય છે. પાન ઉપર પીળા રંગની કિનારીવાળા લાલ ડાઘા પડે છે. પાનનાં ટપકાનાં રોગની તિવ્રતા વધવાથી કેળા વહેલા પાકી જાય છે. કેળા કસમયના વહેલા પાકી પોચા પડી જાય છે તથા ગુણવતા ઘટે છે.

**નિયંત્રણ :** પાનના ટપકાનાં રોગવાળા પાન અવારનવાર કાપી બાળીને નાશ કરવો. પાનનો ટપકાનો રોગ અટકાવવા માટે મેન્કોઝેબ ૨૦ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૧૦ મિ. લી./૧૦ લીટર પાણીમાં દ્રાવણ બનાવી સાથે સ્ટીકર નો ઉપયોગ કરી છંટકાવ કરવો.

**૨) બન્ચી ટોપ :** વિષાણુજન્ય આ રોગમાં પાન નાના અને સાંકડા બને છે તથા જથ્થામાં નીકળતા જોવા મળે છે. લુમો નાની આવે છે.

**નિયંત્રણ :** રોગવાળા છોડ ઉપાડીને નાશ કરવો. આ રોગ ફેલાતો અટકાવવા માટે શરૂઆતમાં જંતુનાશક દવા ડાયમીથોયેટ ૦.૦૩% ૧૦ મિ. લી./૧૦ લીટર પાણીમાં દ્રાવણ બનાવી છંટકાવ કરી મોલોમશીનું નિયંત્રણ કરવું.

**૩) સીગાટોકા :** આ કેળના પાન પર ટપકાનો રોગ છે જેમાં પાન ઉપર ત્રાકીયા ટપકા પડે છે અને પાન સુકાય જાય અને લાલ જાંબલી રંગના ડાઘ પડે છે. રોગની તીવ્રતા વધવાથી કેળા વહેલા (કાચા) પરિપકવ થાય અને ગુણવત્તા ઘટે છે.

**નિયંત્રણ :** રોગ ફેલાતો અટકાવવા પાન કાપી નાંખવા અને મેન્કોઝેબ (૨૦ ગ્રામ/૧૦ લી. પાણી) અથવા પાયરાકલોસ્ટ્રોબિન (૧૫ ગ્રામ /૧૦ લી. પાણી) સાથે સ્ટીકરનો ઉપયોગ કરી છંટકાવ કરવો.

**નોંધઃ– સામાન્ય રીતે રોગો નિયંત્રણ માટે વપરાતી દવાનો છંટકાવ તજજ્ઞની સલાહ લઈ કરવો.**

**જીવાત અને તેનું નિરાકરણ :**

**૧) કેળના થડનું ચાંચવું :** નુકશાનની શરૂઆત પાકની ૬ થી ૮ મહિનાની અવસ્થાએ થાય છે. પર્ણદંડ ઉપર કાણાં જોવા મળે જેમાંથી જેલી જેવું ચીકણું પ્રવાહી નીકળતું જોવા મળે. જે આ જીવાતની હાજરી સુચવે છે. ઉપદ્રવ વધતા થડમાં અસંખ્ય કાણાં જોવા મળે અને થડમાં ગેલેરી જોવા મળે છે થડ નબળું પડી ભાંગી પડે છે. આ કીડો સતત થડની અંદર કોરાણ કરી પેશીઓ ખાય છે. તે થડની અંદર પેશીઓ ભેગી કરી કોશેટા અવસ્થામાં જાય છે. લૂમોમાં ફળોની સાઈઝ નાની થઈ જાય. ઉપદ્રવિત છોડ અંદરથી નબળો થતા સામાન્ય પવનમાં ઢળી પડે છે. આ કીડાનો ઉપદ્રવ જુન થી નવેમ્બર મહીનામાં જોવા મળે છે. આમ આ જીવાતનું નુકસાન પાકની

પાછલી અવસ્થાએ થતું હોવાથી ઉત્પાદન ઉપર ગંભીર અસર થાય છે.

**નિયંત્રણ:** રોપવા માટે તંદુરસ્ત ગાંઠો પસંદ કરવી. દર મહિને બાજુમાં નીકળતા પીલાને કાપી નાંખવા. કેળના થડમાંથી ૧૦ સે.મી. જાડા ગોળ ચકતાં કાપીને પુખ્ત કીટકોને આર્ષકવા માટેના હેકટરે ૧૦ ટ્રેપ મુકવા. ટ્રેપમાં ભરાઈ ગયેલા કિટકોનો નાશ કરવો. લૂમ ઉતાર્યા બાદ શેષ ભાગનો વ્યવસ્થિત નિકાલ કરવો.

**૨) ગાંઠના ઢાલવાળા ચાંચવું :** આ જીવાતની માદા થડમાં ગાંઠની બાજુમાં ઈંડા મુકે છે. ઈંડામાંથી નીકળેલી ઈયળ કેળની ગાંઠોમા કોરાણ કરી ખાય છે. પુર્ણ વિકસિત ઈયળ ગાંઠોમા કોરાણ કરી બોગદા જેવું બનાવી ગાંઠની અંદરનો ભાગ કોરી ત્યાં જ કોશેટોમાં રૂપાંતર પામે છે. જયારે પુખ્ત કીટક કોરેલ બોગદામા ભરાય રહે છે. ઉપદ્રવિત છોડના પાન ફીકકા પીળાં રંગના થઈ સહેલાઈથી ખેંચાઈ આવે તેવા બની જાય છે. આ ઉપદ્રવ જો પાછલી અવસ્થાએ થાય તો છોડના પાનની સંખ્યામાં ઘટાડો થઈ લૂમ નાની રહે છે અને ફળોની સંખ્યા ઓછી થઈ જાય છે.

**નિયંત્રણ:** પાક પૂરો થયેથી જમીનની ઊંડી ખેડ કરાવી. કેળની વાડીની ચોખ્ખાઈ રાખવી તથા ઉપદ્રવિત ગાંઠોનો વાવેતર માટે ઉપયોગ કરવો નહિ. કેળના નકામા ભાગોનો નાશ કરવો. રોપવા માટેની ગાંઠોને આશરે ૫૫° સે.ગ્રે. ગરમ પાણીમાં ૫ થી ૧૦ મિનિટ રાખીને રોપવું. કાર્બોફ્યુરાન ૩ જી ૧૦ ગ્રામ/ગાંઠ મુજબ જમીનમાં આપવું.

**૩) લાલ રસ્ટી થ્રિપ્સ :** આ કેળના ફળ ઉપર લાલ રંગના ડાઘા પડે છે. પાન પીળા પડે છે. કેળા લાલ રંગના થઈ જાય છે જેથી ગુણવતા અને બજાર કિમંત ઘટે છે.

**૪) મોલોમશી :** આ જીવાત ખાસ કરીને કેળની આજુબાજુના પીલા ઉપર મોટી સંખ્યામાં જોવા મળે છે. મશી પાન અને છોડ ઉપરથી રસ ચૂસે છે જેનાથી વૃધ્ધિ અટકે છે. આ જીવાત ખાસ તો વિષાણુજન્ય રોગ "બંચી ટોપ" નો વાહક છે.

**નિયંત્રણ:** રોગગ્રસ્ત આખા છોડ ઉખેડી અને નાશ કરવો. મોલોમશીના ઉપદ્રવને અટકાવવા માટે શરૂઆતમાં જંતુનાશક દવા ડાયમીથોયેટ ૦.૦૩ % ૧૦ મિ. લી./૧૦ લીટર પાણીમાં દ્રાવણ બનાવી છંટકાવ કરી નિયંત્રણ કરવું.

**૫) કેળના પાન ખાનારી ઈયળ :** આ એક બહુભોજી જીવાત છે. આ જીવાતના ઈંડા જથ્થામાં પાનની નીચેની બાજુયે મુકાયેલા હોય છે. જેમાંથી નીકળેલી નાની ઈયળો સમુહમાં પાનના હરિતદ્રવ્ય ખાય છે જેથી પાન પર પાતળા જાળા બની જાય છે.

**નિયંત્રણ:** ઈંડા તથા નાની ઈયળના સમૂહ તથા નુકશાન પામેલ પાનનો નાશ કરવો.

**૬) ઘોડિયા ઈયળ :** સામાન્ય રીતે ૨ થી ૪ માસના કેળના તલવાર પીલાને નુકશાન કરે છે. ગોળ પીલાને એક બાજુથી કાપીને ખાય છે. પાન ખુલે ત્યારે સમાંતર કાણાં જોવા મળે છે. વધુ ઉપદ્રવ સપ્ટેમ્બર–ઓકટોબર માસમાં જોવા મળે છે.

**૭) પાન કથીરી :** કેળના પાકમાં છોડની પાછલી અવસ્થાએ પાક પાનની નીચેની બાજેએ પાન કથીરીના બચ્ચાં અને પુખ્ત પાનમાંથી રસ ચૂસીને નુકસાન કરે છે. જેથી પાનની નીચેની બાજુએ સમાંતર પીળા પટ્ટા પડેલા જોવા મળે છે.

**૮) કૃમિ :** છોડના મૂળમાં રહી કૃમિ પાકને ઘણું નુકશાન કરે છે. મૂળ કાળા પડી જાય છે. તિરાડ પડે છે અને સડો પેદા કરે છે.

**નિયંત્રણ:** છોડ દીઠ ૧૦ ગ્રામ કાર્બોફ્યુરાન ૩ જી રોપણી વખતે અને રોપ્યા પછી ચોથા માસે આપવાથી નિયંત્રણ થાય છે.

**નોંધ : સામાન્ય રીતે જીવાતો નિયંત્રણ માટે વપરાતી દવાનો છંટકાવ તજજ્ઞની સલાહ લઈ કરવો.**

**કાપણી :**

સામાન્ય રીતે ૧૧ થી ૧૨ મહિના પછી કેળાના ઉપરની ધાર ગોળ થઈ જાય અને રંગ ઘેરા લીલા માંથી આછો લીલો થાય ત્યારે લુમની કાપણી કરવી.

**આશરે હેકટર દીઠ ઉત્પાદન :**

આધુનિક ખેતી પધ્ધતિ અપનાવવાથી અંદાજે ૭૦ થી ૧૦૦ ટન/ હે. ઉત્પાદન મેળવી શકાય. કેળની ખેતીમાં ટીસ્યુના રોપા, ટપક, ફર્ટીગેશન તથા આવરણ એકજ પેકેજમાં અપનાવાથી ૨૦ થી ૪૦ ટકા ખાતરની બચત, ૩૦ થી ૪૦ ટકા પાણીની બચત, ૨૫ થી ૪૦ ટકા ઉત્પાદનમાં વધારો તથા ૪૦ દિવસ ઉત્પાદન વહેલું મળેલ છે. કેળનું ઉત્પાદન ૮૦ થી ૧૧૦ ટન પ્રતિ હેકટર જમીનના પ્રકાર પ્રમાણે મળી શકે છે.

**કેળ પાકમાં મુલ્ય વૃધ્ધિ :**

કાચા કેળામાંથી વેફર્સ અને ફલોર બનાવી શકાય. કેળાનો ફલોર બિસ્કિટ, કેક, પાપડ, બેબી ફુડ તેમજ હેલ્થ ડ્રીંકમાં વાપરી શકાય છે. પાકા કેળામાંથી ફીગ, રેડી ટુ સર્વ, જામ, કેચઅપ, ચીઝ, પુરી તેમજ બાર બનાવી શકાય છે. લુમ ઉતાર્યા પછી કેળના થડમાંથી છુટા પડાયેલા રેસામાંથી હાથ વણાટથી તૈયાર થતી સુશોભનની વસ્તુઓ, ધાગા, કાપડ, કાગળ, દોરડા, ઔષધિય માઈક્રો ક્રીસ્ટલાઈન સેલ્યુલોઝ બનાવી શકાય છે. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે કેળના થડમાંથી રેસા (નોન વુવન/વુવન ફેબ્રિકસ), સારી ગુણવતાવાળા પેપર, પ્રવાહી સેન્દ્રિય ખાતર, વર્મી કમ્પોસ્ટ, કેન્ડી, અથાણાં અને પીણાઓ વગેરે ચીજ વસ્તુઓ તૈયાર કરવામાં આવે છે.

## ચીકુની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ

**પ્રસ્તાવના :**

ચીકુ ભારતમાં કેરી, કેળા, લીંબુ, સફરજન અને જમરૂખ પછી છઠ્ઠા ક્રમનું સ્થાન ધરાવે છે. ભારતમાં તેની ખેતી ખાવાના ફળ માટે થાય છે. જયારે દક્ષિણ અમેરિકામાં ચ્યુઈંગમ બનાવવાના પાયાના પદાર્થ તરીકે ચીકલ (ગુટ્ટા પર્ચા) મેળવવા માટે થાય છે. આપણા ગુજરાત રાજયમાં દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, સુરત, તાપી, ભરૂચ અને નર્મદા તેમજ જુનાગઢ જીલ્લામાં ચીકુની ખેતી થાય છે. ગુજરાતમાં આશરે ૨૬ હજાર હેકટરમાં ચીકુની ખેતી થાય છે અને તેમાંથી પ્રતિ હેકટરે ૧૦ મેટ્રિક ટનની ઉત્પાદકતા સાથે આશરે ૨.૫૭ મેટ્રિક ટનનું વાર્ષિક ઉત્પાદન થાય છે. ચીકુ ખાવામાં ખુબજ મીઠાં, માવો પોચો અને કણીદાર હોય છે. પાકા

ચીકુમાંથી સુકવણીથી ચીપ્સ, ચીકુ હલવો, ચીકુ મુરબ્બો, ચીકુ જયુસ, સ્કવોશ, સિરપ, જામ, ટ્રોફી, કેન્ડી અને મિલ્ક શેક બનાવી શકાય છે.

**જાતો :**

ગુજરાત રાજયમાં મુખ્યત્વે કાલીપત્તી જાતનું વાવેતર જોવા મળે છે. શિયાળામાં વધુ ફળો ઉતરે છે. ફળ સ્વાદે મીઠા અને ટકાઉ શકિત ઘણી જ સારી છે. ચીકુની મુરબ્બા,ક્રિકેટબોલ, ભૂરીપત્તી, પીળીપત્તી, જેવી જાતોનું છુટછવાયું વાવેતર જોવા મળે છે. ગુજરાતમાં ખાસ કરીને વલસાડ અને નવસારી જીલ્લામાં ચીકુનો સવથી વધારે વાવેતર થાય છે અને તેમાં પણ કાલીપત્તી જાતનું પ્રમાણ સવથી વધારે છે. કાલીપત્તીજાતના પાન ઘેરા લીલા રંગના, પોહળા અને જાડા હોય છે. ફળ લંબગોળ અથવા ગોળ આકારના, મીઠા અને સુંગધી માવો ધરાવે છે. ફળનું સરેરાશ વજન ૮૦ ગ્રામ જેટલો હોય છે.

**હવામાન અને જમીન :**

દરિયા કિનારાનું ગરમ અને ભેજવાળું હવામાન ખૂબજ માફક આવે છે. ૧૮° થી ૩૫° સે.ગ્રે. ઉષ્ણતામાન ખૂબજ અનુકૂળ રહે છે. ૧૦° સે. ગ્રે. થી નીચા તાપમાને ચીકુના ઝાડનો વિકાસ અટકે છે તેમજ ફળો નાના રહે છે અને મોડા પરિપકવ થાય છે. ૪૦ સે. ગ્રે. તાપમાને ચીકુના ફૂલ તથા નાના ફળ ખરી પડે છે. ચીકુને સારા નિતારવાળી, ઉડી, ગોરાડુ, બેસર કે મધ્યમ કાળી જમીન વધુ અનુકૂળ છે.

**સંવર્ધન :**

ચીકુનું સંવર્ધન બીજ, ગુટી, ભેટકલમ અને નૂતન કલમ પધ્ધતિથી કરી શકાય છે. અભ્યાસના પરિણામો પરથી ચીકુની કલમ રાયણના મુલકાંડ ઉપર કરવાની ભલામણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત મહુડા, બાવા બદામ અને મીટ્રી નો પણ મુલકાંડ તરીકે ઉપયોગ કરી શકાય છે.

**રોપણી :**

ચીકુનીરોપણી ૧૦ × ૧૦ મીટરના અંતરે કરવાની ભલામણ છે. ચીકુની કાલીપત્તી જાત ઉપર લેવામાં આવેલ વાવેતર અંતરના અખતરાના પરિણામો દર્શાવે છે કે શરૂઆતના ૧૩ વર્ષ સુધી એકમ વિસ્તારમાંથી વધુ ઉત્પાદન મેળવવા માટે ઝાડની રોપણી ૫ × ૫ મીટરના અંતરે કરવાથી વધુ ઉત્પાદન મળે છે.

ચીકુની રોપણી કરવા માટે ઉનાળામાં ભલામણ કરેલ અંતરે ૧×૧×૧ મીટરના ખાડા કરવા. ખાડાઓને ૧૫ દિવસ તપવા દેવા, ત્યાર બાદ ખાડા દીઠ ૨૦–૨૫ કિ.ગ્રા. છાણિયું ખાતર માટી સાથે મિશ્ર કરી ખાડા પૂરી દેવા અને ખાડાની વચ્ચોવચ નિશાની કરી રાખવી. ચોમાસામાં સારો વરસાદ થયા બાદ પસંદ કરેલી કલમો નિશાની કરેલ જગ્યાએ રોપવી. સામાન્યરીતે ચીકુની રોપણી જૂન થી ડિસેમ્બર મહિના સુધી કરી શકાય છે.

**ખાતર :**

પ્રથમ વર્ષે વાવેતર કરેલ ચીકુના ઝાડ દીઠ ૧૦ કિ.ગ્રા. છાણિયું ખાતર જૂન માસમાં અને પૂર્તિ ખાતર તરીકે ૧૦૦ ગ્રામ નાઈટ્રોજન (૨૧૬ ગ્રામ યુરિયા), ૫૦ ગ્રામ ફોસ્ફરસ (૩૦૦ ગ્રામ એસ.એસ.પી.) અને ૫૦ ગ્રામ પોટાશ (૮૦ ગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ) ત્રણ સરખા હપ્તામાં જૂન, ઓકટોબર અને ફેબ્રુઆરીમાસમાં આપવું. ત્યારબાદ દર વર્ષે ઉપરોકત જથ્થો ઉમેરીને નવ વર્ષ સુધી આપવો.

ચીકુની કાલીપત્તી જાતના પુખ્ત વયના ઝાડોની વાડી ધરાવતા ખેડૂતોને નવી ભલામણ કરવામાં આવે છે કે ચીકુના ઝાડનાં ફરતે થડથી ૧ થી ૧.૫ મીટર ની પોહળી અને ૧૫ સેમી. ઉડાઈ ની રીંગ બનાવવી અને તેમાં રાસાયાણિક ખાતરો ૧૦૦૦–૫૦૦–૫૦૦ ગ્રામ ના.ફો.પો. / ઝાડ બે સરખા હપ્તામાં જૂન અને ઓકટોબર માસમાં આપવાને બદલે ત્રણ હપ્તામાં ૨૫ ટકા (૨૫૦–૧૨૫–૧૨૫ ગ્રામ ના.ફો.પો./ઝાડ) સાથે ૧૦૦ કિ.લો./ઝાડ દીઠ છાણિયું ખાતર જૂન માસમાં, ફરીથી ૨૫ ટકા (૨૫૦–૧૨૫–૧૨૫ ગ્રામ ના.ફો.પો./ઝાડ) ઓકટોબર માસમાં અને ૫૦ ટકા (૫૦૦–૨૫૦–૨૫૦ ગ્રામ ના.ફો.પો./ઝાડ) ફેબ્રુઆરી માસમાં આપવાથી શિયાળાની ઋતુમાં ઉનાળાની ઋતુની સરખામણીમાં વધુ ઉત્પાદન સહીત વધ નફો મળે છે.

| આપવાનો સમય | તત્વના આપવાના (ટકા) | | | ખાતરનુંજથ્થો (કિ.ગ્રા./છોડ) | | |
|---|---|---|---|---|---|---|
| | નાઈટ્રોજન | ફોસ્ફરસ | પોટાશ | યુરીયા | એસ. એસ. પી. | મ્યુરેટ ઓફ પોટાશ |
| જુન | ૨૫ | ૨૫ | ૨૫ | ૦.૫૦૦ | ૦.૭૫૦ | ૦.૨૫૦ |
| ઓકટોબર | ૨૫ | ૨૫ | ૨૫ | ૦.૫૦૦ | ૦.૭૫૦ | ૦.૨૫૦ |
| ફેબ્રુઆરી | ૫૦ | ૫૦ | ૫૦ | ૧.૦૦ | ૧.૫૦૦ | ૦.૫૦૦ |
| | | | | **૨.૦૦** | **૩.૦૦** | **૧.૦૦** |

ચીકુની કાલીપત્તી જાતના પુખ્ત વયના ઝાડને રાસાયણીક ખાતરની ભલામણના ૮૦ ટકા (૮૦૦ : ૪૦૦ : ૪૦૦ ગ્રામ એન. પી. કે. પ્રતિ ઝાડ) ચાર હપ્તામાં જુલાઈ, સપ્ટેમ્બર, નવેમ્બર અને ફેબ્રુઆરી માસમાં નીચેની ટેબલ મુજબ અને ૧૫ કિલો વમી કાંપોસ્ટ સાથે જૈવિક ખાતર એજોટોબેક્ટર અને પી.એસ.બી. ૧૦૦ મી.લી. પ્રતિ ઝાડ જુલાઈ માસમાં અને ગ્રેડ–૪ મલ્ટીસૂક્ષ્મ પોષક તત્વોનો ૦.૫ ટકાનો છાંટકાવ ઓકટોબર માસમાં કરવાથી શિયાળુ ઋતુમાં ઉત્પાદન મળે છે અને આવકમાં વધારો થાય છે.





| રાસાયણિક ખાતરની ભલામણનો ૮૦% જથ્થો | | | | |
|---|---|---|---|---|
| ખાતર આપવાનો સમય અને અવસ્થા | નવી કુપણ નિકળે ત્યારે (જુલાઇ) | ફળ બેસે ત્યારે (સપ્ટેમ્બર) | ફળનો વિકાસ થાય ત્યારે (નવેમ્બર) | નવા ફૂલ આવે અને ફળનો વિકાસ થાય ત્યારે (ફેબ્રુઆરી) |
| એન.પી.કે. (ટકકા) | ૩૨ : ૪૦ : ૨૦ | ૧૬ : ૦૦ : ૨૦ | ૧૬ : ૪૦ : ૨૦ | ૧૬ : ૦૦ : ૨૦ |
| એન.પી.કે. (ગ્રામ/ઝાડ) | ૩૨૦ : ૨૦૦ : ૧૦૦ | ૧૬૦ : ૦૦ : ૧૦૦ | ૧૬૦ : ૨૦૦ : ૧૦૦ | ૧૬૦ : ૦૦ : ૧૦૦ |
| યુરીયા (ગ્રામ/ઝાડ) | ૭૦૦ | ૩૫૦ | ૩૫૦ | ૩૫૦ |
| સિંગલ સુપરફોસ્ફેટ (ગ્રામ/ઝાડ) | ૧૨૫૦ | ૦૦ | ૧૨૫૦ | ૦૦ |
| મ્યુરેટ ઓફ પોટાશ (ગ્રામ/ઝાડ) | ૧૭૦ | ૧૭૦ | ૧૭૦ | ૧૭૦ |

બિનપિયત વિસ્તારમાં ઝાડ દીઠ ૧૫૦૦ ગ્રામ નાઈટ્રોજન (૩ કિ.ગ્રા. યુરિયા) વરસાદ શરૂ થાય કે તૂર્તજ આપવો. ફોસ્ફરસ અને પોટાશ યુકત ખાતરો જમીનના પૃથકકરણના આધારે જરૂરિયાત મુજબ આપવા. ચીકુના સેન્દ્રીય ખેતી માટે પુખ્તવયના ઝાડને ૨૦૦ કિ.ગ્રા. છાણિયું ખાતર + ૫૦ કિ.ગ્રા. વર્મિકંમ્પોસ્ટ આપી શકાય.

**પિયત :**

ચીકુના પુખ્ત ઉમરના ઝાડને શિયાળામાં ૩૦ દિવસે અને ઉનાળામાં ૧૫ દિવસના અંતરે પિયત આપવાની ભલામણ કરવામાં આવેલ છે. ટપક સિંચાઈ પધ્ધતિમાં શરૂઆતના બે વર્ષ સુધી થડથી ૫૦ સે. મી. દુર પ્રતિ કલાકના ૪ લીટરની નિષ્કાષ ક્ષમતાવાળા ૨ ડ્રીપર અને બે થી પાંચ વર્ષ સુધી ૪ ડ્રીપર થડથી ૧ મીટર દૂર ગોઠવી શિયાળામાં ૪ કલાક અને ઉનાળામાં ૭ કલાક સુધી આંતરે દિવસે ચલાવવી. જયારે ૮ થી ૧૨ વર્ષના ઝાડ માટે નળીઓ થડથી એક મીટર દુર ગોઠવી પ્રતિ કલાકના ૮ લીટરની નિષ્કાષ ક્ષમતાવાળા ૮ ડ્રીપર એકબીજાથી ૪૦ સે. મી. દુર ગોઠવી શિયાળામાં ૨ કલાક અને ઉનાળામાં ૩ કલાક આંતરે દિવસે ચલાવવી.

**પાછલી માવજત :**

પુખ્ત વયના ઝાડમાં રોગિષ્ઠ, ચપટી, પાકટ અને જમીન સાથે અડી ગયેલ ડાળીઓની છાંટણી કરવી તેમજ વાંદા જેવી પરોપજીવી વનસ્પતિની વૃધ્ધિ ડાળીઓ ઉપર જોવા મળે તો તે કાપી નાંખવી. ફળવધારે બેસે તે માટે વૃધ્ધિ નિયંત્રકો જેવા કે એન.એ.એ. ૫૦ પી.પી.એમ. (૧ લીટર પાણીમાં ૫૦ મિ.ગ્રા. પાઉડર) નું પ્રવાહી ફૂલ આવવાના સમયે ૧૫ દિવસના અંતરે ત્રણ વખત છાંટવાથી ૩૦ ટકા જેટલું ફળન વધુ જોવા મળે છે.

**આંતરપાક :**

૧૦ × ૧૦ મીટરના અંતરે રોપણી કરેલ ચીકુના ખેતરમાં ૧૦ વર્ષ સુધી અને ૫ × ૫ મીટરે રોપણી કરેલ ખેતરમાં ૫ વર્ષ સુધી શાકભાજીના પાકો જેવા કે રીંગણ, મરચી, ટામેટી, સુરણ, રતાળુ, શકકરિયા, આદુ વિગેરે તથા ફળપાકો જેવાકે કેળ અને પપૈયા આંતરપાકો તરીકે લઈ વધારાની પૂરક આવક મેળવી શકાય છે.

**ફળધારણ અને ફળવિકાસ :**

સપ્ટેમ્બર માસ દરમ્યાન નરી આંખે જોઈ શકાય તેવી કળીથી શરૂઆત કરી તોડવા લાયક પરિપકવ ફળો તૈયાર થવા ૩૩૪ દિવસ જેટલો સમય લાગે છે, જેમાં ૧૫ ટકા જેટલો જ ફલન છે. એ સમય દરમ્યાન તૈયાર થયેલા ફળોનો આકાર લંબગોળ જોવા મળેલ છે. આ ફળો જુલાઈ ઓગસ્ટ માસમાં જોવા મળે છે.

ફરીથી ઉપર મુજબનો અભ્યાસ માર્ચથી શરૂ કરતા બીજા વર્ષે ૩૦૦ દિવસ બાદ જાન્યુઆરી માસમાં ફળો તૈયાર થાય છે. જેમાં ૧૦ ટકા જેટલા ફળો બેસે છે. એ સમયગાળા દરમ્યાન તૈયાર થયેલ ફળોનો આકાર ગોળ જોવા મળેલ છે.આ ફળો જાન્યુઆરી – ફેબ્રુઆરી માસમાં જોવા મળે છે.

**ચીકુના પાકમાં વૃધ્ધિ નિયંત્રકોની અસર :**

ચીકુના પુખ્ત વયના ઝાડ ઉપર સી સી સી ૧૦૦ મિલી ગ્રામ/લિટર (૧૦ ગ્રામ/૧૦૦ લીટર પાણીમાં) નો એપ્રિલ માસમાં અને જીબ્રેલીક એસીડ ૫૦ મિલી ગ્રામ/લિટર (૧૦ ગ્રામ/ ૧૦૦ લીટર પાણીમાં) નો સપ્ટેમ્બર અને નવેમ્બર માસમાં છંટકાવ કરવાથી ચીકુના ફળનું ઉત્પાદન અને ગુણવત્તા સારી થાય છે.

ચીકુની ૪૦ વર્ષથી વધુ ઉમરના કાલીપત્તી જાતના વાડી ધરાવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ઝાડના ટોચના ૧ મીટર ભાગને એક વખત ડિસેમ્બર મહિના દરમ્યાન કાપીને દૂર કરવામાં આવે તો ક્રમશઃ ઉત્પાદન અને ચોખ્ખી આવકમાં વધારો થાય છે.

**પાક સંરક્ષણ:**

**જીવાતો :**

**૧) ચીકુની કળી કોરનાર ઈયળ :** આ જીવાત ની ઈયળ રતાશ પડતી ઘેરા બદામી રંગના માથાવાળી ચીકુની કળી તથા ફૂલમાં કાણાં પાડી અંદરનો ગર્ભ કોરી ખાય છે પરિણામે ફળો બેસતાં નથી. નુકસાનવાળી કળીની ઉપર ફુદા તથા ઈયળની હગાર જોવા મળે છે. નવી પીલવણી વખતે કુમળા પાનને ખાઈને પણ નુકશાન કરે છે. આ જીવાતનો ઉપદ્રવ આખા વર્ષ દરમ્યાન જોવા મળે છે. પરંતુ માર્ચ થી જૂન મહિના દરમ્યાન નુકશાન વધતું જાય છે.





**નિયંત્રણઃ** કાળી તુલસીના પાનના રસ સાથેની ઝેરી પ્રલોભીકા નર આકર્ષક માં રાખી ઉપયોગ કરવાથી આ જીવાતના ઉપદ્રવને ઓછો કરી શકાય છે.

**૨) ચીકુ મોથ :** આ જીવાતની ઈયળ ઝાંખા લીલા અથવા બદામી રંગની હોય છે. સામાન્ય રીતે પાનનાં ઝૂમખાં બનાવી તેમાં ભરાઈને પાનનું હરિત દ્રવ્ય ખાઈને નુકશાન કરે છે. ખાસ કરીને કળી તથા ફૂલોને નીચેથી કાણું પાડી કોરી ખાઈને વધુ નુકસાન કરે છે. નાના ફળોમાં ડીંટા આગળ કાણું પાડીને પણ નુકસાન કરે છે. આ જીવાતનો ઉપદ્રવ આખુ વર્ષ જોવા મળે છે. મે–જૂન તથા ઓકટોબર–નવેમ્બર મહિનામાં ઉપદ્રવ વધુ જોવા મળે છે.

**નિયંત્રણઃ** ઉપદ્રવિત પાનના ઝૂમખા ઈયળ સહિત તોડીને નાશ કરવો.

**૩) ફળમાખી :** ફળમાખી રંગે બદામી અને રંગીન ડાઘા ધરાવતી પારદર્શક પાંખોવાળી હોય છે. માદા ફળમાખી પરિપકવ થવા આવેલાં ફળોમાં પોતાનું અંડનિક્ષેપક દાખલ કરી ફળમાં ઈંડા મૂકે છે. ઈંડામાંથી નીકળેલા કીડા ફળની અંદરનો ગર્ભ ખાઈને નુકશાન કરે છે. એપ્રિલ થી જૂલાઈ માસ દરમ્યાન ઉપદ્રવ વધુ જોવા મળે છે. દક્ષિણ ગુજરાતમાં આંબા અને ચીકુના ભેગું વાવેતર થતું હોવાથી કેરીમાં નુકશાન કર્યા પછી ચીકુમાં નુકશાન કરે છે.

**નિયંત્રણઃ** વાડીમાં સ્વચ્છતા રાખવી અને સડેલાં ફળો ખાડામાં દાટી મિથાઈલ પેરાથિયોન પાઉડરનાંખવો. નૌરોજી મિથાઈલ યુજીનોલ યુકત ટ્રેપ દર ૧૦ ઝાડ દીઠ એક પ્રમાણે અથવા હેકટરે ૧૦ ટ્રેપ મૂકવાથી નર ફળમાખીને આકર્ષીને વસ્તી વધતી અટકાવી શકાય છે. સામૂહિક રીતે આ ટ્રેપો મૂકવાથી અસરકારક નિયંત્રણ થઈ શકે છે. આ ટ્રેપ જમીનથી ચાર ફુટ ઉંચાઈએ મૂકવા અને દર ત્રણ મહિને બ્લોક બદલવા.

**૪) બીજ કોરી ખાનારી ઈયળ :** આ જીવાતની ઈંડાંમાથી નીકળેલી ઈયળ ફળની અંદર કાણું પાડી મીંજ સઘી પહોંચી જાય છે અને મધ્યમથી મોટા કદના ફળોનાં બીજનો અંદરનો ભાગ ખાય છે. ઈયળ અવસ્થા પુરી થતાં ફળમાં કાણું પાડી બહાર આવી પાન પર કોશેટો બનાવે છે. ફળ પરનાં આવા કાણાંમાંથી ફૂગ તથા અન્ય જીવાતો ફળમાં દાખલ થઈ નુકશાન કરે છે. ઓકટોબર થી ડીસેમ્બર દરમ્યાન ઉપદ્રવ વધુ જોવા મળે છે.

**૫) ચીકુનુ પાનકોરિયું ઈયળ :** ઈંડાંમાથી નીકળેલી ઈયળ કૂમળા પાનના બે પડ વચ્ચે દાખલ થઈ અંદરની પેશીઓ ખાઈ પાન પર સર્પાકાર પારદર્શક રેખાઓ ઉપસાવે છે. આ ઉપરાંત ઈયળ પાનના ડીંટા તરફથી ઘાર વાળી તેમાં ભરાઈને પાનના હરીતદ્રવ્ય ખાઈને નુકશાન કરે છે. કોશેટો વાળેલ પાનની ધારની અંદર બનાવે છે. આ જીવાતો નવી પીલવણી ને વઘતાં ઓછા પ્રમાણમાં નુકશાન કરતી હોય છે. આ જીવાતનો ઉપદ્રવ ખાસ કરીને સપ્ટેમ્બર થી ડીસેમ્બર દરમ્યાન વધુ જોવા મળે છે.

**નિયંત્રણઃ** નાની ઈયળના સમૂહ તથા નુકશાન પામેલ પાનનો નાશ કરવો.

**૬) ચીકુના પાન વાળનારી ઈયળ :** નાની ઈયળ શરૂઆતમા કૂમળાં પાનને મધ્યનસથી કોતરી ખાય છે. બીજી અવસ્થા પછી ઈયળ પાનને મધ્યનસથી વાળી દઈ બે ધારો વચ્ચે જાળુ બનાવે છે. ઈયળ આવા વાળેલા પાનમાં જ રહીને પાનના હરીતદ્રવ્ય ખાઈને નુકશાન કરે છે.

**૭) ચીકુ ફળની કથીરી :** કથીરીખુબ જ નાની હોય છે જે લખોટા જેવા ફળોથી મોટા ફળોને નુકસાન કરે છે. આ કથીરીફળો પર ઘસરકા પાડી તેમાંથી નીકળતો રસ ખાય છે. પરિણામે ફળો ખરબચડા અને કાળા રંગના થઈ જાય છે અને ફળોની ગુણવતા ઘટે છે.

**નોંધઃ– સામાન્ય રીતે જીવાતો નિયંત્રણ માટે વપરાતી દવાનો છંટકાવ તજજ્ઞની સલાહ લઈ કરવો.**

**રોગો :**

**૧) સુકારોઃ** આ રોગ ફુગથી થાય છે. શરૂઆતમાં ઝાડ ઝાંખા પીળા અને ફીકકા થઈ ધીમે ધીમે સુકાવા લાગે છે. પાન તોડતા દુધ ન નીકળે. રોગવાળી ડાળી તોડતા વચ્ચે બદામી રંગની લીટી જોવા મળે છે. ખાસ કરીને વરસાદ બંધ થયા પછી સપ્ટેમ્બર–ઓકટોબર માસમાં છૂટાછવાયાં ઝાડોને અસર જોવા મળે છે. સમય જતાં આખું ઝાડ સુકાઈને મરી જાય છે.

**નિયંત્રણઃ** વાડીમાં પાણી ભરાવા ન દેવું. પાણીનો યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવી.

**નોંધઃ– સામાન્ય રીતે રોગો નિયંત્રણ માટે વપરાતી દવાનો છંટકાવ તજજ્ઞની સલાહ લઈ કરવો.**

**ફળ ઉતારવાં :**

ચીકુના ઝાડ ઉપર લગભગ બારેમાસ વધતા ઓછા પ્રમાણમાં પુષ્પો અને ફળો જોવા મળે છે. સામાન્ય રીતે ઓકટોબર થી જાન્યુઆરી માસના ગાળા દરમ્યાન વધુ ફળ મળે છે. ત્યારબાદ મે માસ સુધી ફળો મળતા રહે છે. ફળની છાલ લીલાને બદલે પીળાશ પડતી જણાય, ફળ ઉપર હાથ ઘસવાથી રેતી જેવો ઝીણો ભૂકો હાથમાં ચોંટે અને ફળની ટોચ પરનો કાંટો સહેજ અડકતાં ખરી પડે ત્યારે ફળો ઉતારવા લાયક ગણાય છે. ઉતારેલ ફળોને કોથળામાં નાખી હલાવવા જેથી ફળ સ્વચ્છ અને ચળકાટ આપશે. કોથળામાં નાંખીને હલાવવાના વિકલ્પે ફળોને પાણીમાં ધોઈ સૂકવવામાં આવે છે. ત્યારબાદ કદ પ્રમાણે વર્ગીકરણ કરીને બજારમાં મોકલવામાં આવે છે.

**ઉત્પાદન :**

સામાન્ય રીતે પુખ્ત વય (૧૨ થી ૧૫ વર્ષ) ના ઝાડ પ્રતિવર્ષ ૧૨૦ થી ૧૫૦ કિ. ગ્રા. જેટલું ફળનું ઉત્પાદન આપે છે.

**મુલ્યવૃધ્ધિ :**

ફળોને ઉતાર્યા બાદ ૧૫૦ પી.પી.એમ. જીબ્રેલીક એસિડના દ્રાવણમાં ૮ થી ૧૦ મિનિટ બોળ્યા બાદ કાગળના બોક્ષમાં ભરવાથી તેની ટકાઉશકિત વધે છે. નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ખાતે થયેલ અભ્યાસ મુજબ ચીકુને ઉતાર્યા બાદ ૧% ચુનાના દ્રાવણમાં ૫ મિનિટ સુધી ડૂબાડી સુકાયા બાદ પાણીમાં ધોવાથી ફળોના દેખાવમાં સુધારો થાય છે અને ટકાઉશકિત વધે છે. બીજા એક અભ્યાસ મુજબ ફળોને ઉતાર્યા બાદ ૧૦° સે. ગ્રે. તાપમાને ૮ કલાક સુધી પ્રિકુલીંગની માવજત આપીને ૫૦ માઈક્રોનની ૧.૨ ટકા કાણાવાળી બેગમાં ભરી સીએફબી બોકસમાં મૂકી ૧૨°સે. ગ્રે. તાપમાને કોલ્ડ સ્ટોરેજમાં રાખવાથી ફળોની ગુણવતાને અસર થયા વગર ૧૫ દિવસ સુધી સંગ્રહ કરી શકાય છે.

# પપૈયાની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ

**પ્રસ્તાવના :**

ફળપાકોમાં પપૈયાનો પાક પાંચમાં નંબરનો અગત્યનો ટૂંકાગાળાનો રોકડીયો પાક છે. તેની વ્યાવસાયિક ખેતી વધુ પ્રચલિત છે અને એકમ દીઠ વધુ આર્થિક વળતર આપતો મહત્વનો પાક છે. પપૈયાના કાચા ફળોમાંથી મળતું પેપીન મુખ્યત્વે ઔષધો અને ઔદ્યોગિક બનાવટમાં વપરાય છે. ભારત સહિત દુનિયાના શ્રીલંકા, બર્મા, તાઈવાન, પેરૂ, ફલોરીડા, ટેકસાસ, કેલીફોર્નીયા, દ. આફ્રીકા અને કેન્યામાં પપૈયાની ખેતી થાય છે. ભારતમાં આંધ્ર પ્રદેશ, તામીલનાડુ, કર્ણાટક, બિહાર, ઝારખંડ, ઉતર પ્રદેશ અને ગુજરાત રાજયમાં પપૈયાની ખેતી થાય છે. ભારતમાં કુલ ફળપાકોના વિસ્તારમાં પપૈયાનો હિસ્સો ૫ ટકા છે. અત્યારે ગુજરાતમાં ૨૦,૩૧૦ હેકટર વિસ્તારમાં પપૈયાનું વાવેતર થાય છે અને ૬૧.૮૬ ટન/હેકટરની ઉત્પાદકતા સાથે કુલ ઉત્પાદન ૧૨,૫૬,૫૧૦ ટન છે.

**હવામાન અને જમીન :**

ફળદ્રુપ, સારા નિતારવાળી અને વધારે સેન્દ્રિય તત્વ ધરાવતી જમીનની જરૂરીયાત રહે છે. ગોરાડું, બેસર અને મધ્યમ કાળી જમીનમાં પપૈયા સારા થાય છે. પપૈયાને સુકું હવામાન માફક આવે છે. આ પાક વધુ પડતી ઠંડી તેમજ ખૂબ વરસાદ સહન કરી શકતો નથી. પપૈયાનો પાક ઉષ્ણ તેમજ સમશિતોષ્ણ કટિબંધના ગરમ અને ભેજવાળા હવામાનમાં સફળતા પૂર્વક ઉગાડી શકાય છે.

**જાતો :**

**૧. રેડ લેડી–૭૮૬ :** જે તાઈવાન રેડ નામથી જાણીતી છે. આ જાતમાં બધા છોડ ઉભયલીંગી હોવાથી બધાજ છોડમાં ઉત્પાદન મળે છે. ફળ મધ્યમ મોટા, માવો નારંગી લાલ રંગનો અને મીઠો હોય છે. આ જાતના છોડ વધુ પડતા ભેજ કે વરસાદ પ્રત્યે સંવેદનશીલ હોય છે. ઉત્પાદન શકિત સારી છે. ફળ લગભગ ૩૦–૪૫ સેમી ઉંચાઈએથી બેસવાના શરૂ થાય છે.

**૨. મધુબિંદુ :** ગુજરાતમાં વવાતી આ જાત બીજમાં નર છોડ નીકળવાનું પ્રમાણ ઓછું હોય છે. છોડ મધ્યમ ઉંચાઈના અને ઉત્પાદન શકિત ઘણી સારી, ફળમાં બીજનું પ્રમાણ ઓછું, ફળનું ડીંટું પણ લીલું અને ફળ જમીનની સપાટીથી ૩૦ થી ૪૫ સે. મી. ઉંચાઈથી બેસે. ફળ મીઠાં અને સ્વાદીસ્ટ હોય છે. હેકટરે ૩૦ થી ૩૫ ટન જેટલું ઉત્પાદન મળે છે.

**૩. વોશિંગ્ટન:** આ જાતના છોડ પ્રમાણમાં ઉંચા થાય છે. પાનની દાંડી જાંબુડીયા રંગની તેમજ પ્રકાંડ ઉપર જાંબુડીયા રંગની રીંગો હોય છે. જે આ જાતની વિશેષતા છે. ફળ ગોળથી લંબગોળ, મધ્યમ થી મોટા કદના, મીઠાશવાળા સ્વાદીષ્ટ હોય છે. ફળ લગભગ ૨ કિલો વજનનું થાય છે.

**૪. પુસા ડેલિસિયસ:** આ જાતમાં છોડ મજબુત જુસ્સાદાર અને મધ્યમ ઉંચાઈના થાય છે. ઉત્પાદનમાં અને ગુણવતામાં ચઢિયાતી છે. આ જાતમાં માદા અને ઉભયલીંગી છોડ હોવાથી ઉત્પાદન શકિત ૧૦૦ ટકા ગણી શકાય. આ જાતમાં બીજનું પ્રમાણ ખૂબજ ઓછું હોય છે.

**૫. સી. ઓ.–૨:** નીચાથી મધ્યમ ઉંચાઈની વધુ ઉત્પાદન આપતી આ જાતમાં નર છોડનું પ્રમાણ બીજી જાતોની સરખામણીમાં ઓછું છે. પેપીન ઉત્પાદન માટે આ જાત ખૂબજ અનુકુળ છે.

**૬. સી.ઓ–૪:** સી. ઓ.–૧ અને વોશિગંટન જાતના સંકરણથી તૈયાર કરેલ છે. ફળ મોટા, માવો દળદાર, પીળા રંગનો અને ફળ સ્વાદમાં મીઠાં હોય છે. ફળની ટકાઉ શકિત સારી છે.

આ ઉપરાંત સી. ઓ–૫, ૬ અને ૭ જાતો પણ તામિલનાડુ કૃષિ યુનિવર્સિટી ધ્વારા વિકસાવવામાં આવેલ છે.

**રોપણી :**

રોપણી માટે ૨.૧ × ૨.૧ મીટરના અંતરે (૨૨૬૮ છોડ) ૩૦ × ૩૦ × ૩૦ સે. મી. ખાડા ઉનાળામાં તૈયાર કરી ૭ થી ૧૦ દિવસ ખુલ્લા રાખી તેમાંથી નીકળેલ માટી સાથે ૧૦ કિલો છાણિયું ખાતર ભેળવી ખાડા પૂરી દેવા. ઘનિષ્ઠ વાવેતર માટે ઓછા અંતરે ૨ × ૧.૮ મીટરે અથવા ૨.૪ × ૧.૫ મીટરે વાવેતર કરવાથી હેકટરે છોડની સંખ્યા વધારી શકાય. ૨૨ સે. મી. ઉંચાઈના વધુ તંતૂમૂળવાળા રોપ પસંદ કરવા. પપૈયાના ધરૂણી ફેર રોપણી જુલાઈ થી ઓગસ્ટ માસ દરમ્યાન છોડ ત્રીકોલા આકારે સરખુ અંતરે રાખી કરવી.

રોપતી વખતે ટોચના ૨–૩ પાન રહેવા દઈ બાકીના પાનનું ડીંટુ રહેવા દઈ કાતરથી કાપી નાંખવા જેથી છોડમાંથી ભેજ ઉડી જતો અટકાવી શકાય. આ પાકમાં જો ગાદી કયારા પર મલ્ચીંગ પ્લાસ્ટીકનો આવરણ તરીકે ઉપયોગ કરી વાવેતર કરવામાં આવે તો ખૂબજ સારા પરિણામ મળે છે. આ માટે ૨.૪×૧.૫ મીટરે વાવેતર કરવું. જેના માટે ૩ ફુટના ગાદી કયારા બનાવવા અને તેની ઉપર ૧.૨ મીટરનું પ્લાસ્ટીક મલ્ચ પાથરવું. જેમાં ૧.૫ મીટરના અંતરે ગોળ કાણાં પાડી તેમાં પપૈયાના છોડ રોપવા. મલ્ચીંગનું આવરણ કરતા પહેલાં ડ્રીપ સીસ્ટમ ફીટ કરી લેવી જેથી પાણી આપવામાં સરળતા રહે. શરૂઆતમાં છોડને પોષણ આપવા માટે જૈવિક ખાતર (એઝેટોબેકટર, ફોસ્ફેટ સોલ્યુબીલાઈઝીંગ બેકટેરીયા, પોટાશ મોબીલાઈઝીંગ બેકટેરીયા) નો ઉપયોગ કરવો. જેનું પ્રમાણ છોડ દીઠ ૧૦ ગ્રામ પ્રમાણે ઉપયોગ કરવાથી શરૂઆતમાં છોડને પોષણ મળી શકે.

**ખાતર :**

પપૈયાના પાકને છાણિયું તેમજ રાસાયણિક ખાતરો પૂરતા પ્રમાણમાં અને સમયસર નીચે દર્શાવેલ કોઠા મુજબ છોડ દીઠ આપવા.

| ખાતર આપવાનો સમય | છાણિયું ખાતર (કિ.ગ્રા./છોડ) | તત્વના આપવાના ટકા (ગ્રામ /છોડ) | | | તત્વનો જથ્થો (ગ્રામ /છોડ) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નાઈટ્રોજન | ફોસ્ફરસ | પોટાશ | યુરિયા | એસ. એસ. પી. | મુરેટ ઑફ પોટાશ |
| રોપણી સમયે | ૧૦ | – | – | – | – | – | – |
| રોપણી બાદ બીજા માસે | – | ૫૦ | ૫૦ | ૬૨.૫ | ૧૦૯ | ૩૧૩ | ૧૦૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| રોપણી બાદ ચોથા માસે | – | ૫૦ | ૫૦ | ૬૨.૫ | ૧૦૯ | ૩૧૩ | ૧૦૪ |
| રોપણી બાદ છ માસે | – | ૫૦ | ૫૦ | ૬૨.૫ | ૧૦૯ | ૩૧૩ | ૧૦૪ |
| રોપણી બાદ આઠમા માસે | – | ૫૦ | ૫૦ | ૬૨.૫ | ૧૦૯ | ૩૧૩ | ૧૦૪ |
| કુલ ખાતરનો જથ્થો | **૧૦** | **૨૦૦** | **૨૦૦** | **૨૫૦** | **૪૩૨** | **૧૨૫૨** | **૪૧૬** |

ઉપરોકત જથ્થો તત્વ રૂપમાં આપેલ છે એટલે કે સ્થાનિક ઉપલબ્ધ ખાતરો અને તેમાં રહેલ પોષક તત્વોના સપ્રમાણમાં ખાતરો આપવા. ખાતરો થડથી ૧૫–૨૦ સે. મી. દુર અને ૧૫ સે. મી. ઉંડાઈ સુધીમાં આપવા. ત્યારબાદ તુરતજ પાણી આપવું. શકય તેટલા વધારે સેન્દ્રિય ખાતરો વાપરવા અને તે મુજબ રાસાયણિક ખાતરો ઘટાડવા. પપૈયાના પાકમાં સુક્ષ્મ તત્વોની ઉણપ જોવા મળે છે. તેની પૂર્તિ માટે રોપણી બાદ ચોથા અને આઠમા માસે ૦.૫૦ ટકા ઝીંક સલ્ફેટ અને ૦.૧ ટકા બોરીક એસિડ નો છંટકાવ કરવો. (૧૦૦ લીટર પાણીમાં ૫૦૦ ગાંમ ઝીંક સલ્ફેટ અને ૧૦૦ ગ્રામ બોરીક એસિડ).

**પિયત :**

સ્થાનિક હવામાન અને જમીનના પ્રકાર પ્રમાણે શિયાળામાં ૧૦ થી ૧૨ દિવસે અને ઉનાળામાં ૬–૮ દિવસે પાણી આપવું. પપૈયાના છોડને વધારે પડતું પાણી આપવું નહીં. પાણીની ખેંચને લીધે ફળ ખરી પડવાની શકયતા રહે છે.

**ટપક સિચાઈ સાથે ખાતર વ્યવસ્થા (ફર્ટીગેશન) :**

પપૈયાની મધુબિંદુ જાતમાં ભલામણ કરેલ નાઈટ્રોજન અને પોટાશ ખાતરના ૮૦% (૧૬૦–૨૦૦ ગ્રામ ના.પો./છોડ) ૧૨ સરખા હપ્તામાં ફેરરોપણી પછી ૪૫ દિવસે શરૂ કરી ૧૫ દિવસના ગાળે ટપક સિંચાઈ ધ્વારા આપવો. ખામણા દીઠ ૧૦ કિ. ગ્રા. છાણિયું ખાતર પાયામાં તેમજ છોડ દીઠ ૧૦૦ ગાંમ ફોસ્ફરસ જમીનમાં બે હપ્તામાં ફેરરોપણી બાદ ૪૫ અને ૯૦ દિવસે આપવો. ટપક પધ્ધતિમાં પ્રતિ કલાક ૮ લીટરની ક્ષમતાવાળા ૨ ડ્રીપર થડની બંને બાજુ ૩૦ સે. મી. દુર ગોઠવી પધ્ધતિ એકાંતરે દિવસે ઓગસ્ટ થી સપ્ટેમ્બર દરમ્યાન (વરસાદના દિવસો સિવાય) ૫૦ મિનીટ, ઓકટોબરથી ફેબ્રુઆરી દરમ્યાન ૭૦ મિનીટ અને માર્ચ પછી દર એકાંતર દિવસે વરસાદની શરૂઆત સુધી ૨ કલાક મુજબ ચલાવવી.

**પાછલી માવજત :**

પાકને નીંદણ મુકત રાખવા માટે જરૂર પ્રમાણે આંતરખેડ, ગોડ અને નીંદામણ નિયમિત કરતા રહેવું. મુખ્ય થડ ખુલ્લું રહે તેવી રીતે માટી ચઢાવવી, જેથી પાણી સીધું થડના સંપર્કમાં ન આવે અને થડના કોહવારાનો રોગ આવવાની શકયતા ઘટાડી શકાય.

**આંતરપાક :**

પાકની શરૂઆતની અવસ્થામાં બે હાર વચ્ચે અને બે છોડ વચ્ચેની જમીનમાં ટૂંકાગાળાના શાકભાજી, રીંગણ, મરચા, ટામેટા જેવા પાકો વાવીને વધારાની આવક મેળવી શકાય. જો મલ્ચીંગ સીટમાં પપૈયાનું વાવેતર કરવું હોય તો વધારાની આવક લેવા માટે જાન્યુઆરી માસમાં જમીનની તૈયારી કરી લેવી અને તેમાં તરબુચનું વાવેતર કરવું. આ ઉપરાંત પપૈયાના વાવેતર સાથે આંતરપાક આદુનો પાક લેવામાં આવે તો સારૂં વળતર મળે.

**નર છોડ દૂર કરવા (મધુબિંદુ જેવી જાતો માટે) :**

ફુલ આવવાની શરૂઆત થયેથી વાડીમાં ૮–૧૦ ટકા નર છોડ રાખી બીજા નર છોડ કાઢી નાંખવા. વાડી ફરતે નર છોડ રાખવા પ્રયત્ન કરવો. જો ઉભયલીંગી પ્રકારની જાતના છોડ હશે તો પ્રશ્ન ઉપસ્થિત નહીં થાય. (નર ફુલ લાંબી દાંડી સાથે જયારે માદા ફુલ થડની કક્ષામાં આવે છે.

**જીવાતો :**

**૧) ભીંગડાવાળી જીવાત અને ચીકટો (સ્કેલ અને મીલીબગ) :** ઉપદ્રવ ફળ, થડ અને પાન ઉપર જોવા મળે. આ જીવાત ફળ તથા પાનમાંથી રસ ચૂસે છે જેથી ફળ કાળા રંગના થઈ જાય અને ફળની ગુણવતા ઘટે છે.

**૨) એફીડ અને સફેદમાખી :** પપૈયાની જીવાતોમાં મોલો (એફીડ) અને સફેદમાખી ખુબજ અગત્યની છે. આ બંને જીવાત અનુક્રમે પપૈયાનો પંચરંગિયો અને પપૈયાના પાનનો કોકડવા નામના વાયરસથી થતા રોગના વાહક તરીકે કામ કરે છે.

**નિયંત્રણ :** પપૈયાના પાકમાં આ જીવાતનું નિયંત્રણ ખુબજ મહત્વનું બની રહે છે. નિયંત્રણ માટે વાડીને નિંદામણથી મુકત રાખવી.

**રોગ:**

**૧. થડ અને મૂળનો કોહવારો :** આ રોગ જમીનજન્ય ફૂગથી થાય છે. ધરૂવાડિયામાં પણ આ રોગ જોવા મળે છે તેથી તેને 'ધરૂમૃત્યુ' નો રોગ પણ કહે છે. આ રોગ મધ્યમ તાપમાન તથા જમીનમાં ભેજનું પ્રમાણ વધુ હોય ત્યારે વધારે પ્રમાણમાં જોવા મળે છે. આ રોગમાં પપૈયાના થડના જમીન પાસેના ભાગ પર પાણી પોચા કથ્થઈ રંગના ડાઘ પડે છે જે ધીમે ધીમે ઉપર તરફ વધતાં થડનો ભાગ પોચો પડી તેમાંથી પાણી ઝરે છે અને છેવટે થડ નબળું પડી છોડ ત્યાંથી ભાંગી પડે છે. રોગગ્રસ્ત ખેતરમાં રોગનો ફેલાવો કરવામાં પિયત અગત્યનો ભાગ ભજવે છે.

**નિયંત્રણ :** પપૈયાનો મૂળ અને થડનો કહોવારો ધરૂવાડિયામાંથી પણ શરૂ થઈ શકતો હોય અને ભેજના વધુ પડતા પ્રમાણથી રોગની શકયતા વધતી હોય ધરૂવાડિયું બનાવવા હંમેશા સારા નિતારવાળી, ઉંચી જગ્યાએ ગાદી કયારા બનાવવા જેથી પાણીનો નિતાર અને નિકાલ થઈ શકે. પપૈયાના ખેતરમાં પાણીનો ભરાવો થવા દેવો નહી. આ માટે પપૈયાની ફેરરોપણી શકય હોય તેટલા ઉંચા પાળા પર કરવી.

**૨. પપૈયા રીંગ સ્પોટ વાયરસ (પીઆરએસવી) રોગ :** આ રોગની શરૂઆતમાં કુમળા પાન પીળા પડી અને નસ ઉપસેલી દેખાય છે. ઘાટા લીલા રંગની લાઈન અને ગોળ રીંગ પાનના દાંડી તથા થડ ઉપર જોવા મળે છે. ફળ ઉપર પણ ઘણી રીંગ તથા અંગ્રેજી 'C' આકારનું ચિન્હ દેખાય છે. છોડનો વિકાસ અને ફળો બેસવાનું ઓછું થાય છે. ફળની ગુણવત્તા બગડે છે. પાન નાના અને છોડનો વિકાસ

અટકી જાય છે. પાન ટોચ આગળથી બુટની દોરી જેવા થઈ જાય છે.

**નિયંત્રણ :** રોગવાળા છોડ ઉપાડીને નાશ કરવો. આ રોગ ફેલાતો અટકાવવા માટે શરૂઆતમાં જંતુનાશક દવા છંટકાવ કરી મોલોમશીનું નિયંત્રણ કરવું.

**નોંધ : સામાન્ય રીતે જીવાતો નિયંત્રણ માટે વપરાતી દવાનો છંટકાવ તજજ્ઞની સલાહ લઈ કરવો.**

**ફળ ઉતારવા :**

ફેરરોપણી પછી ૯–૧૦ મહિના પછી પપૈયાના ફળ પાકવાની શરૂઆત થાય છે અને ફળો ઉપર નખ મારવાથી દૂધના બદલે પાણી જેવું પ્રવાહી નીકળે ત્યારે ફળ ઉતારવા માટે યોગ્ય ગણાય છે. ફળો ઉપર સહેજ પીળો પટો દેખાવાની શરૂઆત થાય ત્યારે ફળ ઉતારવા. તૈયાર થયેલ ફળોને હાથથી ઉતારવા અને પેકીંગ કરતી વખતે નાના–મોટા નુકશાનવાળા તેમજ રોગિષ્ટ ફળોનું અલગ–અલગ વર્ગીકરણ કરવું. ફળોના પેકિંગ માટે વાંસના ટોપલા, પ્લાસ્ટીક ક્રેટમાં નીચે પરાળ, કાગળ અને પપૈયાના પાન પાથરી તેના પર ચોકકસ સંખ્યામાં ફળ ગોઠવી બજારમાં વેચાણ માટે મોકલવા. લાંબા અંતરે મોકલવા માટે દરેક પપૈયાના ફળને ન્યુઝ પેપરમાં વીંટાળી ક્રેટમાં ગોઠવી વહન કરવાથી ફળને ખૂબ જ ઓછું નુકશાન થાય છે.

**ઉત્પાદન :**

ઉત્પાદનનો આધાર જાત, માવજત, જમીનનો પ્રકાર તેમજ પાણીનો પ્રકાર અને હવામાન ઉપર છે. સામાન્ય રીતે છોડ દીઠ ૪૦–૫૦ કિલો ફળ મળે છે.

**મુલ્યવૃધ્ધિ :**

કાચા ફળોમાંથી દુધ ભેગું કરી સુકવવામાં આવે છે તેને પેપીન કહે છે. જેનો ઉપયોગ આલ્કોહોલ અને સૌદર્ય પ્રસાધનોના શુધ્ધીકરણ માટે તેમજ ચર્મ ઉદ્યોગમાં તથા માંસ માછલીને નરમ બનાવવા માટે થાય છે. જુદી જુદી બીમારીઓમાં ઔષધ તરીકે પણ ઉપયોગ થાય છે. આંતરરાષ્ટ્રીય બજારમાં પેપીનની ખુબજ માંગ છે.

પેપીન તરીકે દુધ કાઢી લીધા બાદ ફળોનો ઉપયોગ ટુટી ફુટી, અથાણાં અને ચીપ્સ બનાવવા તથા શાકભાજી તરીકે થાય છે. પાકા ફળોનો ઉપયોગ જામ, જેલી, ટોફી, બાર, સ્કવોશ પીણા અને પાવડર બનાવવા થાય છે.

## મુદદા નં ૨૪. કેન્દ્ર ખાતેના પાકની સેન્દ્રિય ખેતી પધ્ધતિ :

- નીલ

## મુદદા નં ૨૫. ફાર્મની નકશા :




| Plot No. | Area (ha.) | Particular | Plot No. | Area (ha.) | Particular |
|---|---|---|---|---|---|
| 1 | 0.20 | Coconut plantation & Dragon fruit plot | 15 | 0.30 | Sapota experiment |
| 2 | 0.12 | Net house | 16 | 0.15 | Coconut, Arecanut, Coffee, Black peeper |
| 3 | 0.10 | Shade house | 17 | 0.20 | Coconut trees and Coconut seedlings |
| 4 | 0.30 | Sapota experiment | 18 | 0.40 | Banana/Papaya experiment |
| 5 | 0.20 | Banana/Papaya experiment | 19 | 0.52 | Insect proof net house, |
| 6 | 0.12 | Mango scion plot | 20 | 0.15 | Sapota trees and coconut seedlings |
| 7 | 0.33 | Sapota experiment | 21 | 0.20 | Banana/Papaya experiment |
| 8 | 1.00 | Sapota experiment | 22 | 0.20 | Mango seedlings |
| 9 | 0.60 | Sapota experiment | 23 | 0.12 | Mango Scion plot |
| 10 | 0.36 | Banana/Papaya experiment | 24 | 0.15 | Sapota germplasm |
| 11 | 0.35 | Banana/Papaya experiment | 25 | 0.38 | Sapota germplasm |
| 12 | 0.33 | Banana/Papaya experiment | 26 | 0.96 | Sapota & Papaya experiment |
| 13 | 0.35 | Sapota experiment | 27 | 0.75 | Sapota experiment |
| 14 | 0.40 | Sapota experiment | 28 | 0.93 | Sapota experiment |

## મુદદા નં ૨૯. ફાર્મની પાકનું પૂથ્થકરણ રેકાર્ડઃ

| Sr. No. | Properties | Units |
|---|---|---|
| **I.** | **Physical Properties :** | |
| 1. | Soil type | Clay loam |
| 2. | Clay content | 36% |
| 3. | Bulk density | 1.2 g/cc |
| 4. | Moisture holding capacity | 60.55% |
| 5. | Moisture at field capacity | 33% |
| 6. | Moisture at wilting | 15% |
| **II.** | **Chemical Properties :** | |
| 7. | pH (1:2.5) | 6.80 |
| 8. | EC (1:2.5) | 0.13 dS/m |
| 9. | Organic carbon | 0.34% |
| 10. | Available N | 261.3 kg/ha |
| 11. | Available $P_2O_5$ | 59.43 kg/ha |
| 12. | Available $K_2O$ | 279.0 kg/ha |

સહ સંશોધન વૈજ્ઞાનિક (ફળ)
ફળ સંશોધન કેન્દ્ર,
ન. કૃ. યુ., ગણદેવી

********************************

એનેક્ષર-બી (B)

(સામાન્ય વહીવટ વિભાગના તા,૦૧.૦૫.૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંક: પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪-આરટીઆઇસેલનું બિડાણ)

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે માનનીય સાહેબશ્રી, વડી કચેરી (પ્રોપર) તથા માનનીય સાહેબશ્રી, વહિવટી કાર્યક્ષેત્રનાં આ સાથેની યાદી મુજબનાં જાહેર સત્તામંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો " પ્રોએકટીવ ડીસ્કલોઝર " (P.A.D.) તૈયાર કરવામા આવી છે. તા. ૧/૫/૨૦૨૬ની સ્થિતિએ તે સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (ફળ), ફળ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, ગણદેવી દ્વારા અદ્યતન કરવામાં આવેલ છે. જેનું અમારા દ્વારા માહે : મે/જુન ૨૦૨૬(વર્ષ) દરમ્યાન ઈન્સપેકશન –કમ – ઓડિટ કરવામાં આવ્યુ છે અને જે બાબતે ક્ષતિ જણાઈ હતી અગર અપુરતી વિગતો જણાઈ હતી તેની પુર્તતા કરવામાં આવી છે.

(૨) તા. ૩૦/૬/૨૦૨૬(વર્ષ) ની સ્થિતિએ હવે કોઈ જાહેર સત્તામંડળનાં ( પ્રોએક્ટીવ ડીસ્કલોઝર ) ઈન્સપેકશન –કમ – ઓડિટ બાકી રહેલ નથી.

તારીખ : ૨૯/૦૫/૨૦૨૬
મુખ્ય મથક: નવસારી

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી.